# સેક્ટર-૩ ડ્યુએટની ડેકીમાંથી રૂપીયા લઈ નાસી જનાર ત્રણ ઝડપાયા

## સેક્ટર-૧૧ રામકથા મેદાન ખાતે રૂપીયાની વહેંચણી માટે એકઠા થયા હતા, તે સમયે એલસીબી પોલીસે પકડી પાડ્યા

ગાંધીનગર, તા.૧

શહેરના સેકટર-૩ સ્થિત કોમ્પ્લેક્ષમાં વકીલની ઓફિસ પાસે પાર્ક કરેલા ટુ-વ્હીલરની ડેકીમાંથી રૂ.૨ લાખ લઈ નાસી છુટનાર શખ્સોને સેકટર-૧૧ રામકથા મેદાન નજીકથી એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. જયારે પોલીસે પકડી પાડેલા શખ્સો પાસેથી મળી આવેલ બાઈક પણ ચોરીનું હોવાનું સામે આવતા બાઈક ચોરીનો ગુનો પણ ઉકેલી દીધો છે.

શહેરના સેકટર-૧૪ ગુજરાત હાઉસીંગ બોર્ડ ખાતે રહેતા એડવોકેટ રજનીકાંતભાઈ હરેશભાઈ ચૌહાણ સેકટર-૩ સ્થિત લાભ કોમ્પ્લેક્ષમાં દેવાંશી એજ્યુકેશન ટ્રસ્ટ ચલાવે છે. ત્યારે એક મહિના અગાઉ રજનીકાંતભાઈ તેમના મિત્રને રૂપીયા આપવાના હોવાથી સેકટર-૧૦ એસબીઆઈ બેંકમાંથી રૂ.૨.૫૦ લાખ ઉપાડીને ડ્યુટ (ટુ-વ્હીલર)ની ડેકીમાં મુક્યા હતા. બેંકમાંથી તેઓ ડ્યુટ લઈને સેકટર-૩ ખાતે આવેલી ઓફિસે પહોચ્યા હતા.જયા ડ્યુટ તેઓ પાર્ક કરીને જમવા ઓફિસમાં જમવા માટે બેઠા હતા. તે સમયે ગણતરીના સમયમાં જ ડયુટની ડેકી ખોલીને રૂપીયા ૨ લાખ લઈ ચોર શખ્સો રફુચકકર થઈ ગયા હતા. ભર બપોરે રૂ.૨ લાખ લઈ ગયાની ફરીયાદ સેકટર-૭ પોલીસ મથકે નોંધાઈ હતી. જેથી એલસીબી પોલીસ ટીમે તપાસ શરુ કરી હતી. ત્યારે આ ચોરીના ગુનાના આરોપીઓ રામકથા મેદાન સેકટર-૧૧ ખાતે રૂપીયાની વહેંચણી કરવા એકઠા થયા હોવાની બાતમી પોલીસને મળી હતી. જેથી પોલીસે તાત્કાલીક બાતમીવાળી જગ્યાએ જઈને પેથાપુર વાડીવાળો વાસ ખાતે રહેતા હેમંત હજારીલાલ ખત્રી, નાયીવાસ પેથાપુર ખાતે રહેતો તરુણ ગોપીલાલ પ્રજાપતિ, અને રાજકોટ ડી-૧૦૫ કોડી કંમ્પાઉન્ડ ખાતે રહેતો પ્રતિક નરેશભાઈ સોનેજી ને દબોચી લીધા હતા. જયારે રાજકોટનો પ્રતિક સોનેજી સેકટર-૧૬માં ગેસ્ટ હાઉસમાં રોકાણ કરતો હતો. જયારે બેંકમાં મોટી નાણાકીય લેવડ દેવડ કરવા આવતા નાગરીકોની રેકી કરતા હતા. ત્યારે બેંકમાં રેકી કર્યા બાદ જ સેકટર-૩ ના ગુનાને અંજામ આપ્યો હતો. જયારે બાઈક પર બેસીને બેંક પાસે રેકી કરતા હતા, તે બાઈક પણ સેકટર-૧૨ હોસ્પિટલમાંથી ચોરી કરી હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે દેવુ વધી જતા અને આર્થિક સંકળામણને પગલે ત્રણેય યુવકોએ બેંકની આસપાસ રેકી કરી હતી. સેકટર-૧૧ રામકથા મેદાન ખાતે ત્રણેય જણા રૂપીયાની વહેંચણી કરવા માટે એકઠા થયા હતા. તે સમયે પોલીસે ત્રણેયને પકડી પાડી તેઓની પાસેથી ૩ મોબાઈલ, ચોરીનું બાઈક અને રૂ.૧.૩૦ લાખ રોકડા મુદ્દામાલ કબ્જે કરીને આગળની તપાસ હાથ ધરી છે.

# નભોઈ કેનાલમાં કુદેલા યુવકનો કમાન્ડોએ જીવ બચાવ્યો

## મહેસાણાના વડીલને પણ કેનાલમાંથી કમાન્ડોના જુગાડથી સ્થાનિક નાગરીકોએ બહાર કાઢ્યા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક થી પસાર થતી નભોઈ નર્મદા કેનાલમાં મોતની છલાંગ મારનાર અમદાવાદના યુવકને એસઆરપી કમાન્ડોની ચપળતા અને અન્ય એક યુવકની હિંમતથી ભારે જહેમત બાદ યુવકનો જીવ બચાવી લેવામાં આવ્યો હતો. ત્યારે કમાન્ડોએ યુવકને બચાવવા માટે કરેલા તારના જુગાડથી કેનાલમાં પડેલા મહેસાણાના વૃધ્ધને પણ સ્થાનિક નાગરીકોએ બચાવી લીધા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદના નિકોલ વિસ્તારમાં રહેતા રાજેન્દ્રસિંહ દેવસિંહ રાજપૂતના પત્નિનું એકાદ વર્ષ અગાઉ મૃત્યુ થયુ છે. પત્નિના અવસાન બાદ એકલાવાઈ જીંદગીથી કંટાળીને રાજેન્દ્રસિંહે નભોઈ કેનાલમાં ઝપલાવ્યું હતું. કેનાલમાં યુવકે કુદકો મારતા સ્થાનિક નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. રાજેન્દ્રસિંહને બચાવવા માટે મથામણ કરી રહ્યા હતા તે સમયે કમાન્ડો તરીકે એસીબીમાં ફરજ બજાવતા ઘનશ્યામસિંહ જાડેજા દિકરાની સારવાર કરાવી ઘર તરફ જઈ રહ્યા હતા. તેઓએ કેનાલ પાસે ભીડ જોઈ કાર રોકી દીધી હતી. તેમણે યુવકને કેનાલમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા જોઈને તાત્કાલીક કારમાં રહેલા પકકડ વડે કેનાલની જાળી કાપવા લાગ્યા હતા. આ જોઈને થોડીવાર સામે કેનાલ પર ઉભા રહેલા વ્યકિતઓને ઘનશ્યામસિંહનો જુગાડ અજુગતો લાગ્યો હતો. ત્યારબાદ તેમણે તારને દોરડાની જેમ લાંબો કરીને અન્ય વ્યકિતની મદદ માંગી હતી. જેથી અમદાવાદના બે યુવકો મદદ કરવા માટે આગળ આવ્યા હતા.તેમાંથી એક યુવક તાર પકડીને કેનાલમાં અંદર ઉતર્યો હતો. તે સમયે કમાન્ડો તેમજ અન્ય યુવકે તારને પકડી રાખ્યો હતો. કેનાલમાંથી ભારે જહેમત બાદ રાજેન્દ્રસિંહને હેમખેમ બહાર કાઢીને સારવાર માટે લઈ જવાયા હતા. ત્યારે કમાન્ડો ઘનશ્યામસિંહની આગવી કોઠાસુઝ થી રાજેન્દ્રસિંહનો જીવ બચી જવા પામ્યો હતો. ત્યારબાદ ઘનશ્યામસિંહ પુત્રને લઈને ઘરે જવા માટે રવાના થયા હતા. પુત્રને ઘરે મુકીને થોડા સમય બાદ તેઓ નોકરી જવા માટે તે માર્ગ પરથી નીકળ્યા હતા. તે સમયે પણ કોઈ વ્યકિત કેનાલમાં કુદકો માર્યો હોવાની જાણ થઈ હતી. પરંતુ ઘનશ્યામસિંહના તારના જુગાડથી સ્થાનિક વ્યકિતઓએ તારના જુગાડથી કેનાલમાં કુદેલા વૃધ્ધને હેમખેમ બહાર નીકાળી દીધા હતા.તેઓની પુછતાછ કરતા તેઓ મહેસાણા વિસનગરના ઈશ્વરભાઈ પંડયા હોવાનું તેમજ શ્વાસની બિમારીથી પિડાતા હોવાથી કેનાલમાં પડતુ મુકયું હોવાનું જાણવા મળ્યું હતું. એક જ દિવસે મોતને વ્હાલુ કરવા બે વ્યકિતઓએ કેનાલમાં ઝંપલાવ્યું હતું.પરંતુ ઘનશ્યામસિંહના જુગાડથી બે વ્યકિતના જીવ બચી ગયા હોવાથી સૌ કોઈએ કમાન્ડોની સરાહનીય કામગીરીને બિરદાવી હતી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સિનેશનના સેકન્ડ ડોઝના વિશેષ અભિયાનમાં ધાર્યો પ્રતિસાદ મળ્યો નથી. આજે ગ્રામ્ય વિસ્તારમાં ૪૦૫૩ લોકોને અને શહેરમાં ૨૧૬૨ એમ મળીને માત્ર ૬૨૧૫ લોકોને જ આ અભિયાનમાં આવરી લેવાયા હતા.
- ગાંધીનગર શહેર એ ટ્રાન્ઝીટ પોઇંટ તરીકે વધુ ડેવલપ થયુ છે આમાં ગાંધીનગર ઉત્તર ગુજરાત માટે જાણીતુ છે. આજે સાંજે શહેરમાં ટ્રાફિકનું ભારણ વધુ હતુ.
- ગાંધીનગર જિલ્લામાં દહેગામ તાલુકામાં રવિવાર સુધીમાં વાવણીલાયક વરસાદ થયો નથી.
- આજે ગાંધીનગર મનપાના સેવાસેતુમાં પ્રભારી મંત્રી કૌશિકભાઈ પટેલ હાજર રહેશે જયારે ૧૧ વાગે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી વર્ચ્યુઅલી જોડાશે.
- જિલ્લામાં આજે સંવેદના દિવસ નિમિત્તે નવ સ્થાનો પર યોજાનાર સેવાસેતુના કાર્યક્રમને લઈ તૈયારીઓને આખરી ઓપ આપવા તંત્રના અધિકારીઓ સતત દોડતા રહ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં હિંડોળાએ નગરજનોને ખુબ આકર્ષ્યા છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આજે આરોગ્ય બચાવો અભિયાન કોંગ્રેસ દ્વારા પ્રદેશ પ્રમુખ અમીત ચાવડાની ઉપસ્થિતિમાં યોજાશે.

# આજે પાટનગરના સ્થાપના દિનની ઉજવણીના કાર્યક્રમો

- નેચર્સ ફર્સ્ટ દ્વારા સવારે ૮ કલાકે સેક્ટર-૩ માં સાઈનાથ મંદિર ખાતે વૃક્ષારોપણ.
- ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા સવારે ૯.૩૦ કલાકે જીઈબી કોલોની ખાતે મ્યુનિસિપલ કમિશનર ધવલ પટેલની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય.
- ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા સેક્ટર-૨૧માં સવારે ૯.૩૦ કલાકે વિશ્રામગૃહ ખાતે કેક-કટીંગ સાથે કોરોના વોરિયર્સનું સન્માન.
- આસ્થા સેવાયજ્ઞ તથા સહયોગી સંસ્થાઓ દ્વારા સવારે ૧૦ કલાકે સેક્ટર-૨૨માં જૈન દેરાસર ખાતે ૮૦૧ સેવા એમ્બ્યુલન્સનું લોકાર્પણ.
- ભાજપ ગાંધીનગર મહાનગર એકમ દ્વારા જીઈબી કોલોની ખાતે ૧૨.૩૦ કલાકે શહેર પ્રમુખ રૂચિર ભટ્ટના નેતૃત્વ હેઠળ વૃક્ષારોપણ તથા કોરોના વોરિયર્સનું સન્માન.
- જીઈબી કોલોનીમાં વીઆઈપી ગેસ્ટહાઉસ ખાતે બપોરે ૧.૩૦ કલાકે મહેસુલમંત્રી કૌશિકભાઈ પટેલની ઉપસ્થિતિમાં ઉજવણી કાર્યક્રમ.
- હેપ્પી યુથ ક્લબ તથા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા બપોરે ૩ કલાકે સે. ૩૦ સરકારી પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ.
- આસ્થા સેવા યજ્ઞ તથા સહયોગી સંસ્થાઓ દ્વારા દરેક સેક્ટર વાઈઝ સાંજે ૫ કલાકે કેક કટીંગ સહિતના કાર્યક્રમ.
- ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સાંજે ૭.૩૦ કલાકે ઓનલાઈન મહેફિલનો કાર્યક્રમ.
- આ ઉપરાંત વિવિધ સંસ્થાઓ-સંગઠ્નો દ્વારા વૃક્ષારોપણ, કેક કટીંગ, કોરોના વોરિયર્સ સન્માન, દીપમાળા સહિતના ઉજવણી કાર્યક્રમો શહેરમાં યોજાશે.

# સરગાસણ પાસે ટાટા ૪૦૭ની ટક્કરથી દ્વીચક્રી વાહનચાલકને ઈજા

સરગાસણ થી રીલાયન્સ ચોકડી તરફ જવાના માર્ગ પર આશ્કા હોસ્પિટલ પાસે ટાટા ૪૦૭ અને પ્લેઝર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં પ્લેઝર પર સવાર પોલીસ જવાનને ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે પોલીસ ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સેકટર-૨૭ બ્લોક નં.૧૫-૧૭૪ ખાતે રહેતા સુભાષભાઈ નારાયણભાઈ પટેલ (ઉં.૩૪, મળુ રહે.વડગામડા,તા.વડાલી જી સાબરકાંઠા) પોતાના પરિવાર સાથે રહે છે અને ગાંધીનગર હેડ કવાર્ટરમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. ગતરોજ પોલીસ જવાના સરકારી પ્લેઝર નં. જી.જે.૧૮. જી.બી.-૪૦૬૪ લઈને સરગાસણ ચોકડી થી રિલાયન્સ ચોકડી તરફ જઈ રહ્યા હતા તે સમયે આશ્કા હોસ્પિટલ પાસે ટાટા ૪૦૭ નં. જી. જે.૦૧. એલ. ક્યું.-૮૭૩૧ ની ટુ વ્હીલરને ટકકર વાગતા કાબુ ગુમાવી બેસતા પોલીસ જવાન નીચે પટકાયા હતા. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા.જયારે ટેમ્પો ચાલકે ૧૦૮ ને ફોન કરીને પોલીસ જવાનને સારવાર માટે લઈ ગયા હતા. જયા ડોકટરે ચકાસતા જવાનના જમણા પગે તેમજ ડાબા ખભા પાસે ફ્રેકચર હોવાનું નિદાન થયું છે.


૫ વર્ષ આપણી સરકારના



સૌના સાથથી સૌના વિકાસના..

સંવેદના દિવસ



૨ ઓગસ્ટના રોજ સવારે ૧૦ કલાકે ધર્મેન્દ્રસિંહ કોલેજ, રાજકોટ ખાતે

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે

અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમારની ઉપસ્થિતિમાં

કોરોનાકાળમાં અનાથ બનેલ ૩૯૬૩ બાળકોને આર્થિક સહાય

- કોરોનાકાળમાં માતા-પિતા પૈકી કોઈપણ એક વાલીનું અવસાન થયું હોય તેવા ૩૯૬૩ બાળકોને માસિક રૂ.૨૦૦૦ની આર્થિક સહાયની શરૂઆત
- જે બાળકોએ માતા-પિતા બંને ગુમાવ્યા હોય તેવા ૯૭૮ બાળકોને **મુખ્યમંત્રી બાળ સેવા યોજના** અંતર્ગત માસિક રૂ.૪૦૦૦ની આર્થિક સહાય ચૂકવાઈ

સમગ્ર રાજ્યમાં ૪૩૩ સેવા સેતુ કાર્યક્રમોની શરૂઆત

- પ્રત્યેક તાલુકા દીઠ એક સેવા સેતુ કાર્યક્રમ મળીને ૨૪૮ કાર્યક્રમો યોજાશે
- નગરપાલિકા દીઠ એક સેવા સેતુ કાર્યક્રમ મળીને ૧૫૬ કાર્યક્રમો યોજાશે
- મહાનગરપાલિકા કક્ષાએ ઝોન દીઠ એક વોર્ડમાં કુલ ૨૯ સેવા સેતુ કાર્યક્રમો યોજાશે

તમારી સરકાર આવી રહી છે તમારા આંગણે

સેવા સેતુ કાર્યક્રમનો ઉદ્દેશ

એક પણ સાચો લાભાર્થી સરકારી લાભોથી વંચિત નહીં રહે

હવે નાગરિકોને ધક્કા ખાવા નહીં પડે, વચેટિયા વિના સરકારી સેવાઓનો મળશે લાભ

ઘરઆંગણે જ મળશે સરકારની ૫૭ જેવી સેવાઓની સુવિધાઓ

- અત્યાર સુધીમાં ૫ તબક્કામાં ૧૨,૮૦૦ કાર્યક્રમો દ્વારા ૨ કરોડથી વધુ લોકોએ સેવા સેતુ કાર્યક્રમોનો લાભ મેળવ્યો
- સેવા સેતુ કાર્યક્રમ દ્વારા ૯૯.૮૧ ટકા અરજીઓનો સ્થળ ઉપર જ ત્વરિત નિકાલ

સેવાનો સેતુ, જનહિતનો હેતુ



ગુજરાતની પ્રજાની અપેક્ષા-લાગણી અને માંગણી પૂર્ણ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ

– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત